You are advised to make the payment of **Rs. 68,98,899.68 (Rupees Sixty Eight lakh Ninety Eight Thousand Eight Hundred Ninety Nine and Paise Sixty eight only)** outstanding as of 25.02.2021 plus further contractual rate of interest till full and final payment, within 60 days from the date of publication of this notice failing which the Bank as a secured creditor shall be entitled to enforce its security interest without intervention of the Court or Tribunal by taking recourse to one or more of the measures under Chapter - III of the Act including (but not limited to) taking over of the possession and sale or Management of the Assets charged to the Bank for realizing the Bank's dues at your own risk as to the costs and consequences thereof.

We further invite your attention to sub section (8) of section 13 of the said Act in terms of which you may redeem the secured assets, if the amount of dues together with all costs, charges and expenses incurred by the Bank is tendered by you, at any time before the date of publication of notice for public auction/ inviting quotations/ tender/ private treaty. Please note that after publication of the notice as above, your right to redeem the secured assets will not be available.

Please note that after receipt of this notice in terms of section 13 (13) of the Act you shall not transfer by way of sale, lease or otherwise (other than in the ordinary course of your business) any of the assets hypothecated/ mortgaged to the Bank without prior consent of the Bank. We may add that non-compliance with this provision is punishable under section 29 of the Act.Please further note that this statutory notice is issued without prejudice to all the other rights and remedies available to the Bank, for recovering its dues from you.

Date : 25.02.2021 **The Authorised officer,**
Place: Deesa **Chief Manager, Bank of Baroda, Highway Branch, Deesa**

TMB Tamilnad Mercantile Bank Ltd
Be a step ahead in life

Plot No.25/C, 25/D, & 25/E Ground Floor, Animesh House
Nr.Kinnary Cinemas, Ring Road, Surat – 395002
Email : surat_ringroad@tmbank.in CIN - U65110TN1921PLC001908

DEMAND NOTICE

Date: 07.07.2021

Notice dated 07.07.2021 issued to you u/s 13(2) of the Securitization & Reconstruction of Financial Assets & Enforcement of Security Interest Act, 2002 by the Authorised Officer of Tamilnad Mercantile Bank Ltd., Ring road Branch was sent to you calling upon to repay the dues in your loan account/s with us at your last known address which could not be served. Therefore, the contents of the said demand notice are being published in this newspaper.

1. **Mrs.Vasoya Sonal Arvindbhai,** **.....Borrower**
   W/o.Vasoya Arvind Valjibhai,
   Sole Prop:M/s.V H A Techno,
   63,Kavita Row House-2,Opp. Akshar Dham Soc.,Sarthana,Jakatnaka,Varachha,Surat-395 006.
2. **Mrs.Vasoya Sonal Arvindbhai,** **..... Proprietrix**
   W/o.Mr.Vasoya Arvind Valjibhai,
   63,Kavita Row House-2,Opp. Akshar Dham Soc.,Sarthana,Jakatnaka, Varachha,Surat-395 006.
3. **Mr.Vasoya Arvind Valjibhai,** **.....Guarantor/Mortgagor**
   S/o.Valjibhai Vasoya,
   63,Kavita Row House-2,Opp. Akshar Dham Soc.,Sarthana,Jakatnaka,Varachha,Surat-395 006.

Dear Sir/Madam

Demand Noticeunder Section 13(2) of the SARFAESI Act in respect of Loan Account No-192700150950572 availed by Mrs.Vasoya Sonal Arvindbhai, Proprietrix of M/s.VHA Techno at our Ring Road Branch and classified as non performing Asset.

At your request, the Bank has granted through its **Ring Road Branch** from time to time, various credit facilities to you as per the particulars mentioned in Schedule-A. You, the Borrowers have availed the credit facilities with an undertaking to repay the said credit facilities and executed the necessary loan documents in favour of the Bank and created charge in respect of movables shown in Schedule-B. .

Further **Mr.Vasoya Arvind Valjibhai, S/o.Valjibhai Vasoya,** has also created mortgage by way of deposit of title deeds in respect of the property more fully described in Schedule-C as security.

The liability in the above loan account were duly acknowledged by you by executing balance confirmation letters and revival letters and also other security documents from time to time. Further the loan account was personally guaranteed by **Mr.Vasoya Arvind Valjibhai, S/o.Valjibhai Vasoya.**

Consequent to the default committed by the borrower/borrowers in repayment of the principal debt and interest thereon, the loan account, has been classified as Non-Performing Assets(NPA) as on **29.06.2021** as per the directions/guidelines of Reserve Bank of India relating to asset classifications issued from time to time. Despite repeated requests you, the Borrower has failed and neglected to repay the said dues/outstanding liabilities.

You, the Borrowers / Mortgagor/ Proprietor/Guarantors are hereby called upon by this Notice under Section 13(2) to discharge the liabilities in full to the bank and to repay a sum of **Rs.92,95,245.10 (Rupees Ninety Two Lakhs Ninety Five Thousand Two Hundred and Forty Five and Paisa Ten Only) loan accounts as on 30.06.2021** to the Bank within 60 days from date of this notice. You are also liable to pay future interest at 11.10% or BRR Plus 2% Penal Interest with monthly rests for the Cash Credit Limit on the aforesaid amount together with incidental expenses, cost, charges etc.

Bank will exercise all or any of the rights detailed under Sub-Section (4) of Section 13 and under other applicable provisions of the Act if you fail to repay the Bank the aforesaid amount with future interest and all costs and expenses thereon.

You, the Borrowers/Mortgagor/ Proprietor/Guarantors are restrained from transferring by way of sale, lease or otherwise, any of the above said assets more specifically mentioned in the schedule hereunder after issuance of this notice as per Section 13(13) of the above Act and any such transfer without prior written consent of the Bank will not affect the rights of the Bank and any such transfer shall be void.

The Borrowers/Guarantors/Mortgagors/ Proprietor attention is hereby invited to the provisions of sub-section 8 of Section 13 of the Act, in respect of time available to redeem the assets.

Section 13(8) of the SARFAESI Act:-

Where the amount of dues of the secured creditor together with all costs, charges and expenses incurred by him is tendered to the secured creditor at any time before the date of publication of notice for public auction or inviting quotations or tender from public or private treaty for transfer by way of lease, assignment or sale of the secured assets-

(1) The secured assets shall not be transferred by way of lease assignment or sale by the secured creditor and

(2) In case, any step has been taken by the secured creditor for transfer by way of lease or assignment or sale of the assets before tendering of such amount under this sub-section, no further step shall be taken by such secured creditor for transfer by way of lease or assignment or sale of such secured assets.

This notice is issued without prejudice to the Bank's right to initiate such other actions or legal proceedings as it deems necessary under any other applicable provisions of law.

SCHEDULE-A

Sr. No	Borrower Name	Nature of Facility with Account Number and Loan amount	Amount outstanding as on 30.06.2021	Date of Execution of Loan Documents / Last Renewal
1.	Mrs. Vasoya Sonal Arvindbhai, Proprietrix of M/s.VHA Techno.	Cash Credit (192700150950572) -Rs.90,00,000/-	Rs.92,95,245.10	22-03-2021

SCHEDULE-B
(Description of Immovable properties)

1.On hypothecation of stock in trade of all kind of Zari,Threads,Yarns etc.
2.On hypothecation of book debts arising out of genuine business transactions.

SCHEDULE-C
1. (Description of Immovable properties)

On equitable mortgage of undivided proportionate share in land and commercial shop building constructed thereat admeasuring 1919.79 Sq. ft. or 178.42 sq.mt Builtup area and 1860.61 sq.ft or 172.92 sq.mt Carpet area bearing Shop No. 40 (As per plan) Shop No. 101 (As per Doc), first Floor of "Uma Plaza" near Madhuram Chowk, Beside Sai Avenue, situated at R.S. No. 116, Block No. 183, T.P.S No. 69, F.P No.157, Sub plot No. 1&2, Dindoli Kharvasa Road, Moje. Dindoli, Tal. Udhna, Dist. Surat-394305 standing in the name of Mr. Vasoya Arvind Valjibhai.

Note:The above collateral security is common for the credit limits availed in the name of M/s. Avina Enterprise and the account is in NPA status.

Yours faithfully,
Authorised Officer,
Tamilnad Mercantile Bank Ltd.,
Ring Road Branch

બોટાદમાં પુરવઠા વિભાગની બેદરકારીને લીધે હજારો ગેલન પાણી વેડફાયું

એક તરફ શહેરમાં ૮-૧૦ દિવસે પાણીનું વિતરણ બીજી તરફ પાણીનો વેડફાટ

બોટાદ, તા.૨૨: બોટાદ શહેરના સ્ટેશન રોડ ઉપર આવેલી સરકારી હાઈસ્કૂલની પાછળ જૂનુ મેઘાણી ગાર્ડન આવેલું છે જ્યાં બોટાદ પાલિકાના પુરવઠા વિભાગની ઘોર બેદરકારીના કારણે આખા બગીચામાં પાણી ભરાયું હતું. એ બાદ પાણી રોડ ઉપર આવતાં શહેરમાં હજારો ગેલન પાણીનો જથ્થો વેફાઈ ગયો હતો. બીજી તરફ બોટાદ શહેરને આઠથી દસ દિવસે પાણી આપવામાં આવે છે ત્યારે બીજી તરફ આવી રીતે હજારો ગેલન પાણી રસ્તા ઉપર વહી રહ્યું છે જેના કારણે તંત્રનું બુધ્ધિનું પ્રદર્શન સાબિત થઈ રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. છતાં પાણીએ બોટાદ તરસ્યું હોય તેવો ઘાટ શહેરમાં વર્તાઈ રહ્યો છે. કારણ કે સમયસર પાણી તો આ તંત્ર પ્રજાને આપી શક્તુ નથી ત્યારે બીજી તરફ આવી રીતે હજારો ગેલન પાણી નદીઓની માફક વહી રહ્યું છે. બોટાદ જિલ્લા તંત્રએ આ બાબતને ગંભીર ગણી યોગ્ય પગલા ભરવા જોઈએ અને બોટાદ શહેરને નિયમિત પાણી મળી રહે તેવા આયોજનો પણ ક્યારે કરાશે ? તેવો પણ વૈદિક સવાલ બોટાદ શહેરની જનતામાં ઉઠી રહ્યો છે.

જૂનાગઢ મનપાના ક્ષતિગ્રસ્ત નિયમોથી કરાયેલી ભરતી બઢતી નામંજૂર કરો

જૂનાગઢ, તા.૨૨ : જૂનાગઢ મનપા દ્વારા ભરતી બઢતી ૨૦૨૦ના નિયમો મંજૂર કરી સરકારની મંજૂરી માટે મોકલાયા છે પરંતુ આ નિયમોમાં અનેક ક્ષતિઓ છે. આ ઉપરાંત ૧૪૫૭ કર્મચારીઓનું મહેક્મ બનાવ્યું છે. તેનાથી પ્રજા પર પગાર ખર્ચનો બોજ આવશે. આથી ભરતી-બઢતી ૨૦૨૦નાં નિયમો મંજૂર કરવામાં આવે એવી મુખ્યમંત્રી, શહેરી વિકાસ વિભાગનાં સચિવ સહિતનાઓને રજૂઆત કરવામાં આવી છે.

જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા ૧૪૫૭ કર્મચારીનું મહેક્મ બનાવવામાં આવ્યું હતુ અને ૨૦૨૦માં ભરતી બઢતી માટેના નિયમો બનાવી સરકારની મંજૂરી માટે મોકલવામાં આવ્યા હતાં. ૨૦૧૬માં જ્યારે ભરતી બઢતીના નિયમો બનાવાયા ત્યારે તે લાયકાત અને અનુભવ રાખવામાં આવ્યો હતો. તેમાં ૨૦૨૦માં વધારો કરવાના બદલે ઘટાડો કરી નાખવામાં આવ્યો હતો.

૨૦૨૦માં ભરતી બઢતીના નિયમોમાં અનેક ક્ષતિઓ બહાર આવી છે. તેનાં સુધારા માટે દરખાસ્ત પણ થઈ છે. નવું મહેક્મ ૧૪૫૭ કર્મચારીઓનું છે તેમાંથી સફાઈ કામદારા માત્ર ૪૫૨ છે. બાકીનાં ઓફિસમાં ટેબલ ખુરસી પર બેસી કારમાં ફરે તેવા બાબુઓની સંખ્યા વધુ છે. નવા નિયમોથી જે ભરતી થાય તે કર્મચારી અધિકારીઓનો પગાર ખર્ચ વધશે. આથી આ ખર્ચ સરકારમાંથી મળે તેવુ આયોજન કરવામાં આવે અને લાગતા વળગતા લોકોની ભરતી બઢતી થાય તેવા નિયમોને નામંજૂર કરવામાં આવે એ અંગે વોર્ડ નં.૪નાં નગરસેવક મંજુલાબેન પણસારા એ મુખ્યમંત્રી, શહેરી વિકાસ વિભાગના સચવ સહિતનાઓને રજૂઆત કરી છે.

પાલિતાણામાં ચાતુર્માસ પ્રવેશે સોશિયલ ડિસ્ટન્સ ભુલાયું

એક તરફ સરકાર દ્વારા મેળાવડા અને સામાજિક કે ધાર્મિક પ્રસંગોમાં સીમિત સંખ્યામાં લોકોની હાજરી સાથે યોજવાની મંજૂરી આપવામાં આવી રહી છે અને કોરોના હજુ સુધી આપણી વચ્ચેથી ગયો નથી અને ત્રીજી લહેરના ભણકારા વાગી રહ્યા છે ત્યારે પાલિતાણામાં આજે સુણતર ભુવન ધર્મશાળા ખાતે જૈનાચાર્યના ચાતુર્માસ પ્રવેશ અંગે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. એકડા થયેલા લોકોમાં મોટાભાગના માસ્ક વગર જોવા મળતા હતા અને હોલની અંદર ખીચોખીચ એકડા થઈને બાજુબાજુમાં બેસેલા હતા અને સોશિયલ ડિસ્ટન્સ પણ ન જાળવી સરકારની કોરોના ગાઇડલાઇનના તમામ નિયમો નેવે મૂક્યા હતા. એક તરફ સરકાર લોકોને કોરોના સંક્રમણથી બચવા મોટી મોટી જાહેરાતો કરી રહી છે ત્યારે પાલિતાણામાં સરકારની ગાઇડલાઇનનો ભંગ થઈ રહ્યો છે ત્યારે તેની સામે તંત્ર કોઈ કાર્યવાહી કરશે કે કેમ ? તેવો સવાલ શહેરી જનતામાંથી ઉઠ્યો છે. (મેહુલ સોની)

મુખ્યમંત્રી વિજય રૂપાણીનું જામનગર એરપોર્ટ ખાતે ભાવભર્યું સ્વાગત

મુકેશ જોઈસર

જામનગર, તા.૨૨ (ફૂલછાબ ન્યુઝ) : મુખ્યમંત્રી વિજયભાઈ રૂપણીએ ગઈકાલે દ્વારકા ખાતે વિવિધ વિકાસ કાર્યોની સમીક્ષા કરી હતી જે બાદ આજરોજ મુખ્યમંત્રી જામનગર એરપોર્ટ પર પહોંચતા જિલ્લાના પદાધિકારી અને અધિકારીઓએ તેમનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. મુખ્યમંત્રી સાથે પ્રવાસનમંત્રી જવાહર ચાવડા જોડાયા હતાં. મુખ્યમંત્રીને આવકાર આપવા માટે એરપોર્ટ ખાતે મેયર બીનાબેન કોઠારી, ડે.મેયર તપન પરમાર, સ્ટે.કમિટી ચેરમેન મનિષ કટારિયા, દંડક કેતન ગોસરાણી, શાસક પક્ષના નેતા કુસુમબેન પંડયા, શહેર ભાજપ પ્રમુખ વિમલ કગથરા, શહેર મહામંત્રીઓ પ્રકાશભાઈ બાંભણિયા, મેરામણ ભાટુ, વિજયસિંહ જેઠવા તથા કલેક્ટર સૌરભ પારધી, એસ.પી. દીપેન ભદ્રન, મ્યુ.કમિશનર વિજય મરાડી, જિલ્લા વિકાસ અધિકારી મિહીર પટેલ અને પ્રાંત અધિકારી આસ્થા ડાંગર વગેરે પદાધિકારીઓ-અધિકારીઓ ઉપસ્થિત રહયાં હતાં.

કરમદડી ગામે જમીન મામલે

ધારી કોર્ટ તિરસ્કાર બાબતે કલેક્ટર, DCF સહિતનાઓને રૂ.૩૦૦ ભરવા આદેશ

બીજીવાર જવાબ રજૂ કરવાની મુદત કોર્ટે ગ્રાહ્ય ન રાખી

ધારી,તા.૨૨ : ધારી તાલુકાના કરમદડી ગામની જમીન બાબતે કોર્ટના હુકમનો અનાદર થતાં ખેડૂત દ્વારા કોર્ટમાં ધા નાખતાં કોર્ટે તમામ પ્રતિવાદીઓને હાજર રહી લેખીત જવાબ આપવા આદેશ કર્યો હતો. જેમાં પ્રથમ બાદ બીજી મુદતે પણ સરકારી વકીલ દ્વારા જવાબ રજૂ ન કરી વધુ મુદત માંગતાં કોર્ટે ૩૦૦ ભરવા આદેશ કરતાં ચકચાર મચી જવા પામી છે.

ધારી તાલુકાના કરમદડી ગામની જમીન વનતંત્ર દ્વારા કોઈ જ વળતર વગર જંગલમાં ભેળવી દીધી હતી જે અંગે જીણીબેન ટપુભાઈના કુ.મુ.ભાવેશભાઈ જેરામભાઈ દ્વારા આ અંગે લાબી લડત ચલાવી હતી અને આ જમીન પર ખેડૂત ખેતી કરી શકે તેવો આદેશ પણ ઉપલી કક્ષાએથી થયો હતો તથા સને ૨૦૧૭માં ધારી રેવન્યુ ડિપાર્ટમેન્ટ દ્વારા પણ ખેડૂતની નોંધ થઈ જવા પામી હતી. છતાં જંગલ ખાતાના અધિકારીઓ ખેડૂતને પોતાની જ જમીનમાં ઘુસવા પણ દેતા ન હોય ખેડૂત દ્વારા આ બાબતે કોર્ટમાં અરજ કરતાં કોર્ટે હુકમ કર્યા હતા કે 'કાયદેસરની પ્રક્રિયાને અનુસર્યા વગર દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડમાં દાવાના આખરી નિકાલ સુધી કોઈ ફેરફાર કરવો નહીં.

આમ છતાં જંગલ ખાતા દ્વારા ખેડૂતને તેની જ જમીનમાં ઘુસવા દેતાં નહોતા વનવિભાગે કલેક્ટર સમક્ષ અરજી દાખલ કરી હતી જેમાં કલેક્ટર દ્વારા ખેડૂતની નોંધ રદ કરવા હુકમ કર્યો હતો. જેનાથી કોર્ટ અનાદર મામલે ધારી કોર્ટમાં અરજ કરતાં કોર્ટ તત્કાલીન કલેક્ટર આયુષ ઓઢ, ડી.સી.ઓડ. ધારી અને સેટલમેન્ટ ઓફિસરને લેખિત જવાબ સાથે હાજર રહેવા નોટિસ પાઠવી હતી.

આજે બીજી વાર સરકારી વકીલ દ્વારા મુદત માંગતાં અરજદારના વકીલ રવિભાઈ જોષીએ વાંધો ઉઠાવ્યો હતો જેથી ધારી કોર્ટે તમામ પ્રતિવાદીઓને રૂપિયા ૩૦૦ ભરવા હુકમ કરવામાં આવ્યો હતો. આમ જિલ્લાના બે ઉચ્ચ કક્ષાના અધિકારીઓ કે જેમાં કલેક્ટરની બદલી થયેલ છે. તથા ડી.સી.એફ. ચાલુ ફરજ પર છે. તેમને રૂ.૩૦૦ ચુકવવા આદેશ કરતાં ભારે ચકચાર મચી છે. તેમજ આ કેસમાં આગામી તા.૩૧-૭-૨૧ના રોજ જવાબ રજૂ કરવા પણ કોર્ટે આદેશ કર્યાં છે.

તાલાળાનાં આંકોલવાડીમાં રેશનકાર્ડમાં સડેલાં ઘઉંનાં વિતરણની રાવ

સરદારસિંહ ચોહાણ

તાલાળા, તા. ૨૨: તાલાળા તાલુકાનાં આંકોલવાડીમાં ગરીબ પરિવારોને રેશનકાર્ડ પર અપાતા ઘઉં પશુઓ પણ ખાઈ ન શકે તેવા સડેલાં અપાતા હોવાની રાવ ઉઠી છે. આવાં સડેલાં ઘઉંનું વિતરણ બંધ કરાવવા મામલતદારને રજૂઆત કરવામાં આવી છે.

મામલતદારને કરવામાં આવેલી ફરિયાદ મુજબ, આંકોલવાડીના રેશનકાર્ડ ધરાવતા દીપ હિરપરાને સસ્તા અનાજની માન્ય દુકાનમાંથી કાર્ડ પર અપાયેલા ઘઉં સડેલા જોવા મળ્યા છે. ઘઉંમાં એટલી માત્રામાં ધનેડા છે કે પશુઓને પણ ખાવાલાયક નથી. આવું હલકી ગુણવત્તાનું સડેલું અનાજ ગરીબ પરિવારોને મળતું હોવાથી લોકોમાં ભારે રોષ પ્રવર્તે છે. આવા ઘઉંનું વિતરણ તુરંત બંધ કરાવી સારી ગુણવત્તાના ઘઉં અને અનાજનું વિતરણ કરાવવા માગણી કરવામાં આવી છે.

ખંભાળિયા-દ્વારકા ફોરલેનનું કામ અતિ ધીમી ગતિએ : ખાડાના કારણે અકસ્માતો

ખંભાળિયા, તા.૨૨: ખંભાળિયા- દ્વારકા રોડ ઉપર ફોરલેન રોડનું કામ કરોડો રૂપિયાના ખર્ચે છેલ્લા કેટલાય સમયથી ચાલી રહ્યું છે. જુદા જુદા વિસ્તારમાં આયોજન પૂર્વક ડાયવર્ઝન અને યોગ્ય અવરજવર રસ્તાઓ બનાવવાના હોય છે. પરંતુ નિર્ભર તંત્ર કે નિર્ભર કોન્ટ્રાક્ટરના કારણે ખંભાળિયા-દ્વારકા રોડ પર ચાલી રહેલ ફોરલેનનું કામ લકવાગ્રસ્ત સ્થિતિમાં ચાલી રહ્યું હોય તેમ જોવા મળી રહ્યું છે.

ખંભાળિયા- દ્વારકા ફોરલેનનું કામ. (પરબત ગઢવી)

હાલ ચોમાસા દરમિયાન થોડો ઘણો વરસાદ પડતાની સાથે જ કેટલાક ડાયવર્ઝનમાં પાણી ભરાઈ જતા ફલાકો સુધી ટ્રાફિક જામ થઈ જાય છે. આ ટ્રાફિક થવાના કારણે દ્વારકા, ઓખા તરફથી આવતા ઇમરજન્સી કે હોસ્પિટલના દર્દીઓ પણ ટ્રાફિક્માં ફસાવાના કારણે ભારે મુશ્કેલીમાં મુકાઈ જવાના બનાવ અનેકવાર બન્યા છે. દ્વારકા - ખંભાળિયા રોડ પર ચાલતા ફોરલેન કામ અંગે આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના લોકોની દરરોજની અવરજવરના કારણે લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. હાલ હંગામી ધોરણે જે માર્ગ કરવામાં આવ્યો છે. તેમાં પણ મોટા મોટા ખાડા હોવાને કારણે વાહનચાલકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. એટલુ જ નહીં અનેકવાર આ ખાડાને કારણે નાના-મોટા અકસ્માત પણ સર્જાઇ ચૂક્યા છે. ફોરલેન રસ્તાના ગોકળગતિ અને અણઘડ આયોજનના અભાવે રસ્તાની આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. રોડના કામને લઈને જુદા જુદા આગેવાનો દ્વારા અનેકવાર રજૂઆતો કરવામાં આવી છે. છતાં પણ આજ દિવસ સુધી કોઈ નક્કર પગલાં લઈ ખાડા બુરવા કે ડાયવર્ઝન વ્યવસ્થિત કરવા સહિતના મુદ્દે ચૂપકીદી સેવાઇ રહી છે. આગામી દિવસોમાં રોડ પર પડેલા મોટા ખાડા કે ડાયવર્ઝન જો વ્યવસ્થિત નહિ કરવામાં આવે તો બેહ ગામના રહેવાસી પરબતભાઇ માયાણી દ્વારા કાનૂની સલાહ લઈ કોર્ટના દ્વારે ન્યાય માંગવા માટેની કાર્યવાહી કરવામાં આવનાર છે.

જૂનાગઢના રમણીય સ્થળ વિલિંગ્ડન ડેમની જાળવણીના અભાવે દુર્દશા

ડેમનું નામ બદલી સરદાર પટેલ રાખવા અને ઉપરકોટની જેમ આ સ્થળનું પણ નવીનીકરણ કરવા માગ

જૂનાગઢ, તા.૨૨ : જૂનાગઢમાં દાતાર પર્વતની ગોદમાં રમણીય વિલિંગ્ડન આવેલો છે. પરંતુ આ સ્થળની જાળવણીના અભાવે દુર્દશા થઈ ગઈ છે. સ્થાનિક લોકો અને પ્રવાસીઓ આ રમણીય સ્થળની દુર્દશા જોઈ દુઃખી થઈ રહ્યા છે. આથી આ ડેમનું પણ ઉપરકોટની જેમ નવીનીકરણ કરવામાં આવે અને તેનું નામ બદલી સરદાર પટેલ રાખવામાં આવે એવી માંગ કરવામાં આવી છે.

જૂનાગઢમાં ઉપરકોટ, અશોક શિલાલેખ, મકબરા મ્યુઝીયમ, સક્કરબાગ, ગિરનાર સહિતના પ્રવાસન સ્થળો આવેલા છે. જેમાંથી ઉપરકોટ, મકબરાનું હાલ નવીનીકરણ થઈ રહ્યું છે. દાતાર પર્વતની ગોદમાં આવેલો વિલિંગ્ડન ડેમ પણ પ્રવાસીઓ અને સ્થાનિક લોકો માટે ફરવાનું રમણીય સ્થળ છે. પરંતુ આ રમણીય સ્થળની જાળવણીના અભાવે દુર્દશા થઈ ગઈ છે. ત્યાં આવેલા બગીચા અને તેમાં બાળકો માટેના હિંચકા, લસરપટ્ટી તૂટી ગઈ છે. ચોમાસામાં આ સ્થળે મીની કાશ્મીર હોય તેવો નજારો જોવા મળે છે પણ આ સ્થળની દુર્દશા જોઈ સ્થાનિક લોકો અને પ્રવાસીઓ દુઃખી થાય છે.

આ અંગે નિવૃત્ત અધિકારી જાગૃતિબેન ખરોડે જણાવ્યું હતું કે આ ડેમનું વિલિંગ્ડન નામ છે. જે અંગ્રેજ નામ છે આથી આ ડેમનું નામ બદલી સરદાર પટેલ ડેમ રાખવામાં આવે અને તેનું પણ ઉપરકોટ અને મકબરાઓની જેમ નવીનિકરણ કરવામાં આવે તો જૂનાગઢ આવતા પ્રવસીઓને વધુ એક રમણીય સ્થળનો લાભ મળી શકે એમ છે.

ORIENT ABRASIVES LIMITED

Regd. Office: GIDC Industrial Area, Porbandar - Gujarat - 360577.
CIN No.: L24299GJ1971PLC093248
Email-Id: investor@oalmail.co.in
Website: www.orientabrasives.com

NOTICE
Transfer of Equity Shares of the Company to Investor Education and Protection Fund (IEPF)

This Notice is published pursuant to Rule 6 of the Investor Education and Protection Fund Authority (Accounting, Audit, Transfer and Refund) Rules, 2016 as amended from time to time ("IEPF Rules").

In terms of the provisions of Section 124 (6) of the Companies Act, 2013 read with the IEPF Rules, the shares in respect of which dividend has not been paid or claimed for seven consecutive years or more, shall be transferred by the Company to Investor Education and Protection Fund (IEPF).

Accordingly, all the underlying shares in respect of which dividends (declared for the Financial Year 2013-2014) are not paid / claimed for the last seven years, have to be transferred to the Demat Account of IEPF Authority after 27th October, 2021.

Adhering to the various requirements as set out in the IEPF Rules, the Company has sent individual notices to the concerned shareholders, whose shares are liable to be transferred to the Demat account of the IEPF Authority, for claiming their unclaimed dividend by 27th October, 2021 to avoid transfer of shares to the Demat account of IEPF Authority. Further, the Company has also uploaded the details of the concerned shareholders and shares due for transfer to the Demat Account of IEPF Authority on its website at www.orientabrasives.com under the section 'Investor Relations'.

The concerned shareholders are requested to verify the details of unclaimed dividend & shares liable to be transferred to IEPF Account and claim all their unclaimed dividends by 27th October, 2021.

Further, it may be noted that no claim shall lie against the Company in respect of unclaimed dividend amount and Equity Shares transferred to IEPF Authority pursuant to the said Rules. However, the shareholders can claim both the unclaimed dividend amount and the shares, transferred to the IEPF Authority, by making an online application to the IEPF Authority, for which details are available at www.iepf.gov.in.

In case of any queries / clarification, the shareholders may contact the Company / Registrars & Transfer Agent at:

The Company Secretary Orient Abrasives Limited Jeevan Udyog Building, 3rd Floor, 278, D. N. Road, Fort, Mumbai - 400 001. Tel No:- 022- 66221615. Email: investor@oalmail.co.in	Shri Parveen Sharma M/s. Skyline Financial Services Pvt. Ltd. D-153/A, 1st Floor, Phase I, Okhla Industrial Area, New Delhi - 110020. Tel:- 011 - 64732681. Email: parveen@skylinerta.com

For Orient Abrasives Limited
sd/-
Seema Sharma
Company Secretary & Compliance Officer

Place: Mumbai
Dated: 22nd July, 2021

જામનગર મનપાની સ્થાયી સમિતિએ ૪૧૭ લાખના કામોને બહાલી આપી

લોકમેળાનું આયોજન રદ કરીને ભવિષ્યમાં સરકારી ગાઈડલાઈન મુજબ કાર્ય કરવાનું નક્કી કરાયું

જામનગર, તા.૨૨ (ફૂલછાબ ન્યુઝ): જામ્યુકોની સ્થાયી સમિતિ ચેરમેન મનિષ કટારીયા અને મ્યુનિ. કમિશનર વિજય મરાડીની ઉપસ્થિતિમાં બેઠક મળી હતી. જેમાં સિવિલ નોર્થ, સાઉથ, ઈસ્ટ વેસ્ટ અને સેન્ટ્રલ ઝોનમાં સ્ટ્રેન્થનીંગ ઓફ આસ્ફાલ્ટ રોડ એન્ડ સ્પીડ બ્રેકરના ૧૦૫ લાખના કામોને મંજૂર કરાયું હતુ. પવનચક્કીથી જોલી બંગલા સુધી હયાત ડિવાઈડર પર સેન્ટ્રલ લાઈટીંગ વર્ક ૧૮.૫૪ લાખના ખર્ચેને મંજૂર કરાયું હતુ.

આ ઉપરાંત ગુલાબનગર ઈ.એસ.આર. ખાતે નવા ૩૬.૭૦ લાખ લીટરનો સમ્પ, પંપ હાઉસ, પેનલ રૂમ, ક્લોરીનેશન રૂમ તૈયાર કરવાના ૧૮૬ લાખના કામને મંજૂર કરાયું હતુ. વોર્ડ નં.૬માં વાઝે આરોગ્ય કેન્દ્રમાં સ્ટોર રૂમ, ઓપન ગ્રાઉન્ડમાં જ્યોક તેમજ ફેન્સીંગ માટે ૮.૩૦ લાખ, વોર્ડ નં.૨માં એસવીઈટી કોલેજ પાછળ આવેલા કોમ્યુનિટી હોલના રીપેરીંગ માટે રૂ.૩.૬૧ લાખ, વોર્ડ નં.૪માં મધુવન સોસાયટીના છેડે નદીના કાંઠે દિવાલ બનાવવા માટે રૂ.૬.૫૦ લાખ, વોર્ડ નં.૧માં ગરીબનગર મેઈન રોડથી ઓશવાનીક સોલેવન્ટ ઈન્ડસ્ટ્રીઝ તરફ જતા હયાત ગાડા માર્ગ પર સી.સી.રોડ બનાવવા ૭૮ લાખ તેમજ વોર્ડ નં.૧૧માં ફલાવડ નાકા બહાર સતવારાવાડ શેરી નં.૧,૨,૩માં સી.સી.રોડ માટે રૂ.૧૧.૮૮ લાખ મળી કુલ રૂા.૪૧૭.૮૩ લાખના કામો મંજૂર કરવામાં આવ્યા હતા.

ખેત વનીકરણ અંગેની જાહેરાત

સરકારશ્રીની ખેત વનીકરણ હેઠળની વૃક્ષખેતી યોજના તથા એગ્રો ફોરેસ્ટ્રી યોજના તળે સને. ૨૦૨૧-૨૨ ના વર્ષમાં જે ખેડુતી વૃક્ષ વાવેતર કરવા ઈચ્છતા હોય તેઓની અરજીઓ આમંત્રિત કરવામાં આવે છે. આ વિભાગ હસ્તકના રાજકોટ તથા મોરબી જિલ્લા માટે ઉક્ત યોજનાઓ હેઠળ લક્ષ્યાંક મળેલ છે, ખેત વનીકરણ માટેની યોજનાવાર માહિતી જે-તે રેન્જ કચેરીએ ખાતેથી મળી શકશે. જેથી વાવેતર કરવા ઈચ્છતા ખેડુતીએ તેઓને લાગુ પડતા તાલુકાની સામાજિક વનીકરણ રેન્જ કચેરીની સંપર્ક કરી યોજનાની માહિતી તથા અરજીપત્રક મેળવી, અરજીઓ નિયત જરૂરી દસ્તાવેજો સાથે મોડામાં મોડી તા.૩૧/૦૮/૨૦૨૧ સુધીમાં કચેરી સમક્ષ દરમિયાન મોકલી આપવા જણાવવામાં આવે છે, ત્યારબાદ મળેલ અરજીઓ ધ્યાનમાં લેવાશે નહીં. યોજનાવાર મળેલ લક્ષ્યાંક અને યોજનાની જોગવાઇઓને ધ્યાને લઇ ઠરાવેલ પાત્રતા ધરાવતા ખેડુત લાભાર્થીની વહેલા તે પહેલાના ધોરણે અરજી મંજૂર કરવામાં આવશે.યોજનાની જોગવાઇઓ અનુસાર રેન્જ કક્ષાએ વૃક્ષ વાવેતર અંગે સહાય/વળતરની રકમ ચુકવવામાં આવશે.

સ્થળ :- રાજકોટ
તારીખ :- /૦૩/૨૦૨૧
માહિતી/રાજ/૫૧૪/૨૧

નાયબ વન સંરક્ષક
સામાજિક વનીકરણ વિભાગ,
રાજકોટ

CITIZENS CO-OPERATIVE BANK LTD.
Jawahar Road, Nr M.G. Gandhi School, Rajkot.
Phone : 2226732/2224933/2227958. Fax : 0281-2224280
E-mail : info@citizensbankrajkot.co.in • Website : www.citizensbankrajkot.co.in

Career Opportunity

Citizen Co-Operative Bank Limited Rajkota multistate co-operative bank having ten branches is inviting an application from an ideal, result oriented and knowledgeable candidates for the Post of Managing Director & Chief Executive Officer [MD & CEO]who fulfil 'fit and proper criteria' based on RBI's Circular dated 25.06.2021 for the Appointment of Managing Director (MD) in Primary (Urban) Co-Operative Banks.
For Further Details please visit bank's website https://citizensbankrajkot.co.in/
Note:- Candidates are required to submit their application by speed post only

Date :- 22/07/2021
General Manager & CEO

શ્રી પ નવતનપુરી ધામ - ખીજડા મંદિર
દ્વારા આયોજીત

ત્રિદિવસીય ગુરુ પૂર્ણિમા મહોત્સવ

હેલ્થ કેમ્પ : તા. ૨૩-૭-૨૦૨૧, સવારે ૯ થી ૧૨
સુપ્રસિદ્ધ ડો. દીપેન પટેલ - અમદાવાદ, આલાયમ

ગુરુપૂર્ણિમા મહોત્સવ : તા. ૨૪-૭-૨૦૨૧, સવારે ૯ થી ૧૨
નિશ્રા અને આશીર્વચન :
કૃષ્ણ પ્રણામી ધર્માચાર્ય જગદ્‌ગુરુ આચાર્યશ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ
તા. ૨૫-૭-૨૦૨૧, સવારે ૧૦ થી ૧૨
સેમિનાર : કોરોના કાળમાં ગ્રહોની આપણા પર અસર
ભારતના ખ્યાતનામ જ્યોતિષ દ્વારા વ્યક્તિગત માર્ગદર્શન ઘર આંગણે...
આપના મુંઝવતા પ્રશ્નો માટે રૂબરૂ મળો...
જન્મકુંડલીના આધારે વૈજ્ઞાનિક વ્યક્તિગત માર્ગદર્શન : બપોરે ૩ થી ૭
સુપ્રસિદ્ધ એસ્ટ્રોલોજર : પ્રા. વિનોદ શાસ્ત્રી (પૂર્વ વાર્સ ચાન્સેલર, રાજસ્થાન યુનિ.)

: બધાજ કાર્યક્રમોનું સ્થળ :
શ્રી પ નવતનપુરીધામ, ખંભાળિયા નાકા બહાર, જામનગર - ૩૬૧ ૦૦૧

ફ્રી હેલ્થ કેમ્પ / વ્યક્તિગત જ્યોતિષ માર્ગદર્શન (ગૌશાળા ડોનેશન)
તેમજ ગીરની ગાયનું દૂધ (ઘરે બેઠા સવારે ૭ વાગ્યે મેળવવા) તથા
ઘી માટે અગાઉથી સંપર્ક કરો... ફોન/વોટસેપ નં. 93766 99991